Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

જેને "સારું" કરવું છે
એને કોઈ
તકલીફ નથી..
પણ..
જેને "મારુ" કરવું છે
એને તકલીફો
હોય છે..

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)
Year - 23 ● Issue No. - 276 ● 1st September 2026 Price Rs. 2/- ● Pages-12

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ


### પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

### કાયમી સહાયક દાતા

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

### પરિવાર પત્રિકા સંપાદન સમિતિ

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ............(બોરીઆવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ.............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ..............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

મેનેજીંગ ટ્રસ્ટી
બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

### પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ.................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................... (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ..................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ..................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ......................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ........................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ......................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણાવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ...................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ.મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ...................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીઆવી)


## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર,

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વનો તા.૦૮-૦૯-૨૦૨૬ થી પ્રારંભ થાય છે.

બહુ પુણ્યકેરા પૂંજથી શુભ દેહ માનવનો મળ્યો.

"હે પ્રભુ, તમે અરિહંત છો ને મારે અરિ છે હજાર, હે પ્રભુ, ચંડકૌશિકના ઝેર ઉતાર્યા એવા અમારામાંથી ઝેર ઉતારો" આવો ભાવ આ પર્વમાં થાય તો ભવ પાર થાય. ગૃહસ્થ અનેક જવાબદારીઓમાં અટવાયેલો છે તેવો જીવોને અધ્યાત્મના માર્ગે લઈ જવા માટે પૂર્વાચાર્યોએ પર્યુષણનો પ્રારંભ કરાવેલો અને શ્રાવક-શ્રાવિકાઓને બાર વ્રત અને પાંચ કર્તવ્ય પાલનનું ફરમાન કરેલું છે.

જિનેશ્વર ભગવંતના વચનોને માનવા તે દર્શન, તેમના વચનોને જાણવા તે જ્ઞાન અને તેમના વચનોને આચરવા તે ચારિત્ર્ય, પરમાત્માના દર્શન, પૂજા, ચૈત્યવંદન, જાપ.... થી સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય. જ્ઞાનપૂજન, પ્રવચનશ્રવણ અધ્યયનથી સમ્યક્ જ્ઞાન મળે. સામયિક, પ્રતિક્રમણ, પૌષધ, તપ, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચથી સમ્યક્ ચારિત્ર્ય પ્રાપ્ત થાય. જેમ પાયા વિનાનું ચણતર ઊંચું છતાં નકામું તેમ ધર્મ વિનાનું જીવતર લાંબુ છતાં નકામું. પ્રવૃત્તિધર્મ, આરાધના એ ધર્મક્રિયા છે, પરંતુ ખરો ધર્મ પરિણતિનો છે જે અંતરઆત્મામાં પ્રગટે છે. ધર્મ માર્ગે ગુરુ લઈ જાય. ગુરુનો મહિમા...

દુર્લભો વિષય ત્યાગો, દુર્લભં તત્ત્વદર્શનમ્ ।
દુર્લભા સહજાવસ્થા, સદ્‌ગુરુકરુણાં વિના ॥

અર્થાત્-સદ્‌ગુરુની કૃપા વિના વિષયત્યાગ, ધર્મતત્ત્વનું દર્શન (સમજ) અને સહજ સમાધિસભર અવસ્થા દુર્લભ છે.

રોગ કરતાં રાગ વધુ ભયંકર, દર્દ કરતાં દોષ વધુ કાતિલ છે કારણ કે રોગ-દર્દ ભવ પૂરતી જ પીડા આપે, જ્યારે રાગ-દ્વેષ-દોષ ભવોભવ પીડે. વિશ્વવંદ્ય ત્રિલોકનાથ મહાવીર પરમાત્માએ સાડા બાર વર્ષો કઠોર તપ-સાધના કરી, ઉપસર્ગો સહ્યા તો પણ પ્રભુ પ્રશાંત અને પ્રસન્ન રહ્યા. તેમણે દેશનામાં ખાસ કહ્યું કોઈ પણ જીવને દુ:ખ ન આપશો, વેર ન બાંધશો. આજે તો ઘર-ઘરમાં સંઘર્ષ અને કલેશ વ્યાપેલો દેખાય છે. જો કુટુંબમાં સંપ, સહકાર, શાંતિ હશે તો આ ધરતી ઉપર જ સ્વર્ગ છે એમ સમજવું.

આપણે પ્રાર્થના કરીએ કે પર્વાધિરાજ પર્યુષણમાં એવી ભક્તિ-આરાધના કરીએ કે આપણા દોષો-કષાયો દૂર થાય, પદાર્થો માટેનો રાગ દૂર થાય. આત્માને ઓળખીને આત્મામાં સ્થિર થઈએ. જીવ માત્ર સાથે લેશ માત્ર પણ વેર-વિરોધ-શત્રુતા ન રહે.

ક્ષમાપના એ પર્યુષણનો પ્રાણ છે. પર્યુષણનો મૂલાધાર કરુણા, મૈત્રી અને ક્ષમાયાચના છે. અમારાથી જાણતા કે અજાણતા, મન-વચન-કર્મથી આપ સમગ્ર સમાજના જ્ઞાતિજનને દુ:ખ થયું હોય તો દરેકને ખમાવવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે તો આ પર્યુષણના પાવન પ્રસંગે ક્ષમા માગીએ છીએ. મિચ્છામિ દુક્કડં.

આ વર્ષે નાની-મોટી કોઈ પણ તપસ્યા કરનાર સર્વે તપસ્વીઓની ભૂરિ ભૂરિ અનુમોદના.

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા

(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણાવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)

જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**સદ્‌ગતની સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| કેતન | કેયુર | કેતકી |
| અલ્કા | શ્વેતા | અક્ષય |

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા

પરિવાર તરફથી

અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)

શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)

શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)

કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)

મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)

સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)

સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)

સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)

સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## ઉચ્ચ શિક્ષણ સહાય યોજના મુખ્ય સૌજન્ય દાતા

શ્રી શાહ સમુબેન કેશવલાલ લાલચંદ માધવજી ની સ્મૃતિમાં

શ્રીમતી સુભદ્રાબેન સુમતીલાલ કેશવલાલ સરૈયા પરિવાર ઉનાવા

### સહાયક કાયમી સૌજન્ય દાતા

સ્વ.વિમળાબેન રસિકલાલ શાહ (લણવા-અમદાવાદ)

સુપુત્રી સરોજબેન મુકેશકુમાર શાહ (ભાલક - અમદાવાદ)

અમદાવાદ જ્ઞાતિ મંડળ સંચાલિત શૈક્ષણિક સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ ચાલુ વર્ષે પણ ધોરણ ૧૨ પછી કોલેજ અને અન્ય ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અંતર્ગત જે ચાર અરજીઓ આવેલી હતી તે તમામ અરજી મંજૂર કરીને કુલ રૂપિયા રૂ.૩૬,૦૦૦/- મંજૂર કરવામાં આવ્યા છે ૨૦૨૫-૨૬ ના વર્ષ દરમિયાન ધોરણ ૧ થી ઉચ્ચ શિક્ષણમાં ઉત્તિર્ણ થયેલા અને શિક્ષણ સમિતિના ધારા ધોરણ મુજબ ઇનામને પાત્ર થતા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ નો કાર્યક્રમ તેમજ તેની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા લકી ડ્રો ના કાર્યક્રમ નુ આયોજન તારીખ ૪.૧૦.૨૬ ને રવિવારના રોજ રાખવાનું આયોજન ચાલી રહ્યું છે તેની વિગતવાર માહિતી સમાજના **What's app** ગ્રુપમાં મૂકવામાં આવશે

આ વર્ષના તપસ્વી બહુમાન નો સમારંભ મહિલા મંડળ આયોજિત તા.૨૭.૦૯.૨૬ ને રવિવારના રોજ જ્ઞાતિ મંડળના હોલમાં આયોજિત રાખવામાં આવેલ છે

તેની વિગતવાર માહિતી આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે

શ્રી ભાવેશભાઈ એમ. શાહ - મંત્રી ❁ શ્રી રમેશભાઈ સી. શાહ - સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### સમ્યક્ જ્ઞાન પ્રસારનિધિ આયોજીત



ચાલો, નૈવેદ્ય શીખવા જઈએ .....

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના ઉપક્રમે સમ્યક જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ આયોજીત "ચાલો, નૈવેદ્ય બનાવતાં શીખવા જઈએ" કાર્યક્રમ તા.૧૨-૦૮-૨૬ બુધવાર ના રોજ મંડળના હોલ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં જ્ઞાતિની ઘણી બધી બહેનોએ હાજર રહીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જયણાપૂર્વક નૈવેદ્ય બનાવતા શીખવવા માટે શ્રીમતી પૂર્વિબેન દર્શનભાઈ શાહ પધાર્યા હતા. તેમણે નવીન પ્રકારે, વિવિધરીતે અને ખુબ જ સરળ અને સરસ રીતે બહેનોને નૈવેદ્ય બનાવતા શીખવાડ્યું હતું.

સમિતિનાં કન્વીનર શ્રીમતી અંજનાબેન વિક્રમકુમાર ગાંધીએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું અને મહિલા મંડળનાં સલાહકાર શ્રીમતી પ્રવિણાબેન બકુભાઈ ગાંધીના હસ્તે નૈવેદ્ય શીખવનાર પૂર્વીબેન દર્શનભાઈ શાહનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી અંજનાબેન ગાંધી - કન્વીનર • શ્રી નીતીનભાઈ રીખવચંદ શાહ - સહ કન્વીનર



મંજુલાબેન ચીનુભાઈ શાહ, ભાલક

(ભાલક-હાલ:અમદાવાદ)

જન્મ તા.૧૫-૦૭-૧૯૩૯ ❁ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

**સંતોષ સાથે સુવું , અરમાન સાથે ઊઠવું અને સ્વમાન સાથે જીવવું એ જ સાચી જિંદગી ...**

રાજેશકુમાર ચીનુભાઈ શાહ

હેમાબેન રાજેશકુમાર શાહ

અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર

રીવા • કહાન • ક્રીયાન

# ચાલો, સમયની સાથે ચાલીએ .....
# આજકાલ મિડિયામાં વારંવાર આવતા શબ્દ
# “Gen-Z' અને 'Gen-Alpha' છે શું ......?

**સંપાદકીય લેખ**

સમયના પ્રવાહની સાથે ચાલનાર વ્યક્તિ અને સમાજ જ વિકાસ કરી શકે છે. નહીંતર મોબાઈલ કંપની નોકિયા અને કાર બનાવતી એમ્બેસેડર કંપની જેવા હાલ થાય.

ભારતમાં આજે દરેક દિશામાં “Gen-Z'' અને 'Gen-Alpha' જેવા શબ્દોની ચર્ચા સાંભળવા મળે છે. નવી જનરેશન માટેની આ નવી ભાષા અનેક નવી સંભાવનાઓ લઈને આવી છે, એનું સ્વાગત કરીએ.

આપણા જ્ઞાતિ- સમાજમાં પણ Gen-Z અને Gen-Alpha છે, તેમની વિચારવાની અને વાતચીત કરવાની રીત, Emoji અને Action દ્વારા તે કેવી રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે, તેમજ તેમની સકારાત્મક વિશેષતાઓ વિશે આજે થોડુંક ચિંતન કરીએ.

ભારતના લગભગ દરેક પરિવારમાં દાદા-દાદી, માતા-પિતા, યુવાનો અને બાળકો સાથે રહે છે. દરેક પેઢીનો ઉછેર અલગ સમય અને અલગ પરિસ્થિતિમાં થયો હોય એ સ્વાભાવિક છે.

ભાષા અને લિપિની શોધ થઈ એ પહેલાં માત્ર ઇશારાથી કોમ્યુનિકેશન થતું હતું.ભાષા અને લિપિની શોધ થઈ પછી બોલીને તથા પત્ર દ્વારા લાગણીઓ, વિચારો અને સંવેદનાઓ વ્યક્ત થવા લાગ્યાં. ટેલિફોનની શોધને કારણે દૂર બેઠેલી વ્યક્તિ સાથેનો સંવાદ શક્ય બન્યો.

પછી પેજર, મોબાઈલ અને સાયબર યુગનો સૂર્યોદય થયો. SMSથી આગળ વધતી-વધતી વિકાસયાત્રા Email, WhatsApp, Facebook, Instagram, Twitter વગેરે માધ્યમો દ્વારા કોમ્યુનિકેશન ઝડપી અને સ્પષ્ટ બન્યું.

આજની જનરેશન પાસે અભિવ્યક્તિ માટે Emoji, GIF, Video Call, Social Media વગેરે માધ્યમો છે.આવો, સૌ પ્રથમ તો નવી જનરેશનને ઓળખવાનો અને સમજવાનો પ્રયત્ન કરીએ.

* 1928–1945ના સમયની પેઢીને Silent Generation કહે છે.
* 1946–1964ના સમયની પેઢીને Baby Boomers કહે છે.
* 1965–1980ના સમયની પેઢીને Generation-X કહે છે.
* 1981–1996ના સમયની પેઢીને Millennials / Generation-Y કહે છે.
* 1997–2012ના સમયની પેઢીને Generation-Z કહે છે.
* 2013–2024ના સમયની પેઢીને Alpha Generation કહે છે.
* 2025 પછી જન્મેલી પેઢીને Generation Beta તરીકે ઓળખવામાં આવે છે.

Gen Z એટલે જેણે ઈન્ટરનેટ, સ્માર્ટફોન, સોશિયલ મીડિયા અને ડિજિટલ સુવિધાઓને પોતાના શ્વાસ જેટલું મહત્ત્વ આપ્યું છે. શબ્દને બદલે અથવા વાક્યને બદલે તે ઈમોજી વાપરે છે. 'ખૂબ સરસ !', 'અભિનંદન', 'ખૂબ ગમ્યું', 'બિલકુલ ન ગમ્યું', 'તમારો ઘણો આભાર', 'આદર', 'ખૂબ મજા આવી', 'હસવા જેવું', 'સમયનું ધ્યાન રાખીએ', 'શ્રદ્ધાંજલિ', 'અનુમોદના' વગેરે સંવેદનાઓ એ વ્યક્ત તો કરે જ છે, માત્ર એનું માધ્યમ બદલાયું છે.

અલ્ટ્રા લેટેસ્ટ ટેકનોલોજી સાથે જન્મેલી અને ઉછરી રહેલી Gen Alpha તો તેનાથી પણ એક પગલું આગળ છે. આ જનરેશન પોતાના બાળપણથી જ Smartphone, Tablet, Smart TV, Video અને AI જેવી ટેકનોલોજીના ખોળામાં ઉછેર પામી રહી છે. એના માટે 'Google કરવું', 'Online શીખવું' Gps દ્વારા કોઈ સરનામે પહોંચવું, 'AIની મદદથી માહિતી મેળવવી કે ગ્રાફિક ડિઝાઇન કરવામાં કશી નવાઈ જ નથી. એ બધું એના માટે સાવ સહજ છે. આ જનરેશન પાસે નવી ટેકનોલોજી શીખવાની, પૂછવાની, સર્જનાત્મક બનાવવાની અને પોતાની રીતે વિચારવાની ક્ષમતા ભરપૂર દેખાય છે. એની પાસે દરેક સમસ્યાના સોલ્યુશન માટે અનેક વિકલ્પો છે. આ જનરેશનના કેટલાક પ્રશ્નો આપણને મુશ્કેલ અથવા વિચિત્ર લાગે. પરંતુ આ પ્રશ્નો જ નવી શોધ અને નવી વિચારસરણીનું બીજ છે. એટલે એની સામે ફરિયાદો કરીને અપ્રિય થવાને બદલે, આપણા સમયમાં આપણને જે સુવિધાઓ નહોતી મળી એ અત્યારે મળી રહી છે એના આનંદ સાથે, એનો ઉપયોગ કરીને એની સાથે સુમેળ સાધવામાં જ શાણપણ છે.

દરેક પેઢી પોતાના સમય પ્રમાણે અલગ જ હોવાની. આપણા સમયમાં જે નવી વસ્તુ હતી તે કદાચ આપણા વડીલોને પણ શરૂઆતમાં અજાણી કે અણગમતી લાગી હશે. એ નારાજ થયા હશે અને આપણે ગુસ્સે થયા હોઈશું. હા, એ જમાના કરતાં આજે પરિવર્તનની ગતિ તીવ્ર થઈ ગઈ છે. જે પરિવર્તન વર્ષોમાં થતું, તે હવે મહિનાઓમાં થાય છે. મહિનાઓમાં થતું પરિવર્તન હવે દિવસો અને કલાકોમાં થાય છે. તેથી નવી પેઢીને સમજવાની જરૂર છે, માત્ર તેને સુધારવાના ઉધામા કરવાને બદલે પોતાની જાતને બદલવાના પ્રયત્નો કરવા જોઈએ.તેમની કેટલીક સ્કીલ તથા સકારાત્મક વિશેષતાઓ બિરદાવવી જોઈએ.

Video, photography, design, content creation, music અને નવીન વિચારોમાં તેઓ ખૂબ રસ ધરાવે છે. ધીરુભાઈ અંબાણીની ભાષામાં એમણે દુનિયા મુઠ્ઠીમાં કરી લીધી છે. વિશ્વભરની માહિતી તેમના હાથમાં છે ! કદાચ એ કારણે જ તેઓ પોતાની વાત વ્યક્ત કરવામાં સંકોચ કે શરમ અનુભવતા નથી. તેમના આ ગુણને યોગ્ય દિશા મળે તો તે leadershipનું પ્રબળ માધ્યમ બની શકે છે.કોઈપણ જ્ઞાતિ-સમાજના પરિવારની સૌથી મોટી તાકાત એની બે જનરેશન વચ્ચેની સમજણ છે. ઓલ્ડ જનરેશન પાસે અનુભવ છે. મિડલ જનરેશન પાસે વ્યવસ્થાપન અને જવાબદારીનો અનુભવ છે. યંગ જનરેશન પાસે ઊર્જા અને નવી વિચારસરણી છે અને Gen Z તથા Gen Alpha પાસે technology અને innovationની શક્તિ છે.

આપણે જો સંઘર્ષનો માર્ગ છોડીને, વહાલ અને વાત્સલ્યથી સમજાવીશું તો, નવી જનરેશન સમજશે કે technology આપણને ઝડપ આપે છે, પરંતુ સંસ્કાર આપણને દિશા આપે છે. ઈમોજીની સંકેતિક ભાષા ભલે હાથ વગી હોય પણ, પરિવારની કે સમાજની વ્યક્તિ સાથે શબ્દોની હૂંફ ટકી રહે એ પણ જરૂરી છે.વડીલોનો આદર કરવા માટે એમનો ચરણસ્પર્શ કરવામાં કોઈ નાનમ નથી. એ દ્વારા વડીલોના આશીર્વાદ પામવા એ પણ આપણું સદભાગ્ય છે.

Online મિત્રો ગમે તેટલા હોય પરંતુ પરિવાર સાથે સંવાદ કરવાનો આનંદ અલગ જ છે.

મુળ વાત તો છે એકબીજાને સમજવાની અને પરસ્પરની નજીક રહેવાની. જનરેશન ભલે બદલાય, technology ભલે બદલાય, communicationની ભાષા ભલે બદલાય, પરંતુ પરિવાર, સંસ્કાર, સ્નેહ અને સંપના ભોગે એ બધું મળે તો એ ખોટનો વેપાર થયો કહેવાય. આપણે એવા ખોટના વેપારથી બચીશું ને .....?

બકુભાઈ સી. ગાંધી(સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા) - સહસંપાદક

## તપસ્વી બહુમાનના મુખ્ય મહેમાન

રૂા.૨૧૦૦૦/-



પ્રીતિબેન ભાવેશભાઈ શાહ (ભાલક)

આ વર્ષના તપસ્વી બહુમાનમાં રૂા.૨૧૦૦૦/-નું દાન આપીને મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી પ્રીતિબેન ભાવેશભાઈ શાહ (ભાલક)એ એક ઉમદા કાર્ય કર્યું છે.

તેઓ શાહ નિરૂપાબેન વસંતલાલ મૂળચંદદાસ (ખરોડ)ના દિકરી છે. પિયરથી નાનપણમાં મળેલ ધાર્મિક તથા શિક્ષણના સંસ્કારનું ભાથુ લઈને આવેલ. તેમની નાની બહેનએ ૨૩ વર્ષ પહેલા દિક્ષા લીધેલ.

શાહ ભારતીબેન મહેશભાઈ પૂનમચંદ (ભાલક)ના પુત્ર ભાવેશભાઈ, સમીરભાઈ, કેતનભાઈ તથા પુત્રવધૂ પ્રીતિબેન, અંકિતાબેન, જલ્પાબેન છે. ભાવેશભાઈ આપણી જ્ઞાતિના મોટા મંડળમાં ૧૭ વર્ષથી સક્રિય કાર્ય કરી રહ્યા છે. હાલમાં તેઓ મોટા મંડળના માનદ્ મંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ ભાલક સંઘના ટ્રસ્ટી તરીકે વહીવટ સંભાળી રહ્યા છે.

પ્રીતિબેન કારોબારી મહિલા મંડળ તથા સમ્યગ્જ્ઞાન પ્રસારનિધિ મંડળમાં કાર્યરત છે. તેમનું શિક્ષણ જોઈએ તો તે **M.A., M.Ed** છે. **B.Ed. College** માં પ્રોફેસર તથા પાછળથી ૯ થી ૧૨ માં ટીચર તરીકે ફરજ બજાવતા હતા. તેમના પુત્ર હર્ષુલ -(**B.Pharm**), પુત્રવધુ કેજલ (**C.M.A.**), પુત્રી ચાર્મી (**C.A. Finalist**) છે. તેમના પુત્રએ અઠ્ઠાઈ, છઠ્ઠ કરી સાત જાત્રા, પાલીતાણામાં વૈયાવચ્ચ તથા પુત્રવધૂ એ અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, નવ્વાણું, માસક્ષમણ તથા પુત્રીએ અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, છઠ્ઠ કરી સાત જાત્રા કરેલ છે.

પ્રીતિબેન એ બે વર્ષીતપ, સિધ્ધિતપ, નવકાર તપ, વીશસ્થાનક પાયો, વર્ધમાનતપની ઓળી ચાલુ... આ ઉપરાંત તેઓ ગહુલી, રંગોળી, પ્રભુ આંગી, સાધર્મિક નવકાર લેખન દ્વારા બહુમાન, દાતાશ્રીઓ તરફથી આવતું સાધર્મિક ફંડનું આયોજન, સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ તેમજ અનેક સંઘોમાં તથા આપણી જ્ઞાતિમાં નિ:સ્વાર્થ સેવાએ ગહુલીઓ શીખવી છે.

આ ઉપરાંત એન્કરીંગ તથા સંચાલનની કુશળતા છે. તેમણે અનુષ્ઠાનમાં સિધ્ધચક્ર પૂજન, શક્રસ્તવ તથા પદ્માવતી પૂજન ભણાવેલ છે.




## તપસ્વી બહુમાનના અતિથિ વિશેષ

રૂા.૧૫૦૦૦/-



મંજુલાબેન કિર્તિકુમાર શાહ (બોકરવાડા)

આ વર્ષના તપસ્વી બહુમાનમાં રૂા.૧૫૦૦૦/- નું દાન આપીને શ્રી મતી મંજુલાબેને અતિથિ વિશેષ મહેમાન તરીકે એક ઉત્તમ કાર્ય કર્યું છે. મંજુલાબેન કિર્તિકુમાર શાહને બે પુત્ર અને બે પુત્રી છે. પુત્ર અમીષભાઈ અને સ્વ.પુર્વિનભાઈ, પુત્રવધુ સોનલબેન અને ભાવિની બેન, પૌત્ર હેત, પરીન, દીપ તથા પૌત્રવધૂ ખૂશ્બુ અને વિશ્વા, દિકરી સ્વ.નીતાબેન પ્રકાશકુમાર (વિસનગર) દિપ્તીબેન નીલેશકુમાર (મોટપ) ચારેય સંતાનોનું ધાર્મિક સંસ્કારોથી બાળપણથી જ સિંચન કર્યું હતું. મંજુલાબેન પણ ધાર્મિક ક્રિયા સારી રીતે કરી રહ્યા છે.

પુત્રવધુ સોનલબેન ભાલક નિવાસી સરલાબેન ભાઈલાલ શાહની દિકરી છે. અને ભાવિનીબેન ખરવડા નિવાસી અનસુયાબેન હસમુખલાલ શાહની દિકરી છે. બન્ને પુત્રવધુને પિયરમાં મળેલ ધાર્મિક સંસ્કારોથી તેમનું જીવન ખુબ જ સાદગી ભર્યું અને ધાર્મિક છે. સ્વ. પુર્વિનભાઈ ખૂબજ જીવદયા પ્રેમી હતા તેમના આત્મશ્રેયાર્થે ભાલક પાંજરાપોળમાં રૂા.૫૧૦૦૦/- જીવદયામાં આપેલ છે. સ્વ. પુર્વિનભાઈ અને સ્વ.કિર્તિભાઈના આત્મશ્રેયાર્થે સિધ્ધચક પુજન તેમજ લઘુશાંતિ સ્નાત્રનું ધાર્મિક અનુષ્ઠાન કરાવ્યું છે. સ્વ.પુર્વિનભાઈએ અઠ્ઠાઈતપ તેમજ આયંબિલની ઓળીની પણ આરાધના કરી છે.

## બદલાયેલા સરનામા

### અમદાવાદ

**રમેશચંદ્ર માધવલાલ શાહ ..............................(ગાંભુ)**
૪,આનંદધામ સોસાયટી, ઇચ્છાબેનની વાડી સામે, રંગોલી આઇસક્રીમની સામે, મણિનગર, અમદાવાદ.
મો. ૯૬૨૪૪ ૮૫૮૫૨,૯૪૦૮૧ ૦૪૫૮૩

**મૌલિક રમેશચંદ્ર શાહ ..................................(ગાંભુ)**
૪,આનંદધામ સોસાયટી, ઇચ્છાબેનની વાડી સામે, રંગોલી આઇસક્રીમની સામે, મણિનગર, અમદાવાદ.
મો. ૯૬૨૪૪ ૮૫૮૫૨,૯૪૦૮૧ ૦૪૫૮૩

**મયુરભાઈ કેશવલાલ ગાંધી ...........................(રણુંજ)**
એ -૬૦૪, રાજુલગ્રીન (લીલામણી ટાવર) સંજીવની હોસ્પિટલ સામે, જૈનનગર,પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૪૨૬૧ ૭૩૩૮૩

**પરાજ મયુરભાઈ કેશવલાલ ગાંધી .....................(રણુંજ)**
એ - ૬૦૪, રાજુલગ્રીન (લીલામણી ટાવર) સંજીવની હોસ્પિટલ સામે, જૈનનગર,પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. ૮૨૩૮૦ ૩૩૨૭૫

**મૌલિકભાઈ જયેન્દ્રભાઈ શાહ .........................(મણુંદ)**
૧૧/એ, સીતાબાગ સોસાયટી, ન્યુ આરાધના સ્કૂલ રોડ, કલગી ફ્લેટ ની સામે, મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮.
મો. ૯૯૯૮૧ ૨૬૫૬૬

**શૈલેષભાઈ નવીનચંદ્ર શાહ ......................... (ઉનાવા)**
બી/૬૦૧,સ્વરા સ્કાય ગ્રીન્સ,ઈશ્વરભુવન સામે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯. મો. ૯૭૨૫૨ ૫૧૬૧૬

### પુના

**Sanjaybhai Chandrakantbhai Shah....................(Gambhu)**
502, One Icon,Lullanagar, Lane Next to Hotel Shivsagar, Pune - 411040. M. 98222 64333

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

# દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...



**હીતેષકુમાર બકુભાઈ ગાંધી**
ગામ : સમોડા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૦૨૪૭૨૨
જન્મ તારીખ : ૩ સપ્ટેમ્બર



**હાર્દિકકુમાર જીતેન્દ્રકુમાર શાહ**
ગામ : બોરીયાવી હાલ : મહેસાણા
મોબાઈલ : +૯૧ ૯૦૮૧૮૫૨૧૧૧
જન્મ તારીખ : ૭ સપ્ટેમ્બર



**દિલીપકુમાર નાથાલાલ શાહ**
ગામ : બોરીયાવી હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૯૯૮૬૫૦૭૬૩
જન્મ તારીખ : ૧૦ સપ્ટેમ્બર



**પ્રમોદકુમાર દલસુખલાલ શાહ**
ગામ : ખરોડ હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૨૮૮૯૧૩
જન્મ તારીખ : ૧૮ સપ્ટેમ્બર



**અક્ષય તનેશકુમાર શાહ**
ગામ : મર્ણુંદ હાલ : પુના
મોબાઈલ : +૯૧ ૭૦૯૬૫૬૫૮૮૨
જન્મ તારીખ : ૨૭ સપ્ટેમ્બર

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ
# આયોજિત (૨૦૨૫-૨૬) નો શૈક્ષણિક પુરસ્કાર સમારોહ

: કાયમી સૌજન્ય દાતા :

**શ્રીમતી કંચનબેન બાબુલાલ દલસુખલાલ ગાંધી પરિવાર (મોટેરા, અમદાવાદ )**
**સુપુત્રીઓ : રૂપાલી પરીનભાઈ, નીપા અમિતભાઈ**

આ પ્રોગ્રામનું આયોજન આ વર્ષે તા.૦૪-૧૦-૨૦૨૬ ને રવિવાર બપોરે ૨ થી ૫ કલાકે મંડળના હોલ પર રાખવામાં આવેલ છે.

**: કાર્યક્રમની રૂપરેખા :**

• દીપ પ્રાગટ્ય • શ્રી સરસ્વતી માતાની પ્રાર્થના • આમંત્રિત મહેમાનોનું સ્વાગત
• સાંસ્કૃતિક પ્રોગ્રામ (Solo Performance) • ઇનામ વિતરણ • ભોજન સમારંભ (ચૌવિહાર)

**અગત્યની સૂચનાઃ**

જે વિદ્યાર્થી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા હોય તેમને નીચેનામાંથી કોઈ પણ એક ટેલેન્ટ પર આગળ સ્ટેજ પર આવીને પોતાનું ટેલેન્ટ પ્રસ્તુત કરવાનું રહશે. સમય મર્યાદા પાંચ મિનિટની રહેશે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ માટેના વિષય**

(૧) Classical, Folk, Western Dance (૨) ફિલ્મી સોંગ ગાવું (૩) મિમિક્રી (કોઈ નેતાજી કે ફિલ્મી એક્ટર વિશે)
(૪) Musical instrument Performance (૫) Mono Acting (૬) Poem with Acting
(૭) મમ્મી અને પપ્પાની એક્ટિંગ (૮) દેશભક્તિ વિશે કોઈ એક્ટિંગ (૯) સ્ટેન્ડિંગ કોમેડી

**ઉપરનામાંથી કોઈ પણ એક જ વિષય પસંદ કરી શકાશે.**

ઉપરના કોઈ પણ એક જ ટેલેન્ટ (વિષય) ઉપર વિદ્યાર્થી એક જ પરફોર્મન્સ આપી શકશે. દરેક ભાગ લેનાર વિદ્યાર્થીને સ્ટેજ, માઈક અને મ્યુઝિક સિસ્ટમ (પેનડ્રાઈવ માટે) પૂરું પાડવામાં આવશે બાકીની બધી જ તૈયારી જાતેજ કરવાની રહેશે.

**ખાસ નોંધઃ** જે વિદ્યાર્થીનું શૈક્ષણિક ઇનામ હોય તેમણે પ્રત્યક્ષ હાજર રહેવું પડશે, ત્યારબાદ ઇનામ મળશે નહીં.
સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે એક Google ફોર્મની Link તારીખ ૧૮/૯/૨૦૨૬ રાત્રે ૯ વાગ્યાથી સમાજના What'sapp ગ્રુપમાં મૂકવામાં આવશે અને તે ૧૯/૯/૨૦૨૬ રાત્રે ૯ વાગ્યા અથવા પ્રથમ ૧૫ રજીસ્ટ્રેશન આવી જશે ત્યારબાદ Link બંધ કરી દેવામાં આવશે તો જે વિદ્યાર્થીઓ ભાગ લેવા માંગતા હોય તે વિદ્યાથ એ તે ફોર્મ ભરીને Online Submit કરવાનું રહેશે.

કાર્યક્રમ પતી ગયા બાદ ભોજન સમારંભનું આયોજન રાખેલ છે તો તે માટેના પાસ તા. ૨૪/૯/૨૦૨૬થી તા. ૩૦/૯/૨૦૨૬ સુધીમાં સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ દરમ્યાન મંડળના હોલ પરથી મેળવી લેવા. તેમ જ પૂર્વ વિસ્તાર માટે કૃષ્ણનગરમાં શ્રી અંકિતભાઈ શાહ (ભાવક) (Mo. 9924122060) ના ઘરેથી વ્યક્તિદીઠ રૂ.૫૦/- ટોકન આપીને તા. ૩૦/૯/૨૦૨૬ સુધીમાં મેળવી લેવાના રહેશે. ટોકનના રૂ.૫૦/- તે દિવસે જમવાની ડીશ લેતી વખતે પરત કરવામાં આવશે. (અન્નનો બગાડ ન થાય તેમ જ સુંદર વ્યવસ્થા બની રહે તે હેતુથી ટોકન ફી રાખેલ છે) તો સાથ અને સહકાર આપવા વિનંતી. ઉપરની કોઈપણ બાબતે કંઈ પણ પૂછવું હોય તો એજ્યુકેશન કમિટિના નીચેના મેમ્બરનો સંપર્ક કરવો.

**સંદીપભાઈ એસ. શાહ (મો. ૯૮૨૫૭ ૮૭૫૪૯) • ઉન્મેશભાઈ શાહ (મો. ૯૪૨૬૩ ૪૯૪૦૭)**

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## (૨૦૨૫-૨૬) નો શૈક્ષણિક પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ની યાદી

### STD-1 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership No. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Tanishi Dhavalbhai Shah | Unava | 780 | 100.00% | 9974074278 |
| 2 | Jinansh Sagarbhai Gandhi | Ranuj | 541 | 95.00% | 9879067847 |
| 3 | Dhyan Sandipbhai Shah | Bhalak | 713 | 94.13% | 9898474838 |

### STD-2 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership No. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Hansh Maulikbhai Shah | Unava | 1066 | 100.00% | 9824924501 |
| 2 | Freya Jaiminbhai Shah | Pindharpura | 988 | 97.50% | 9904141099 |
| 3 | Nishi Hanikumar Shah | Tarabh | 1189 | 96.75% | 9898939661 |

### STD-3 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Dhyana Vimalbhai Shah | Deloli | 1105 | 97.17% | 9898897721 |
| 2 | Siddh Pragneshbhai Shah | Denap | 1351 | 95.00% | 9429912856 |
| 3 | Ruhi Mehulbhai Shah | Denap | 1162 | 94.79% | 9725505673 |

### STD-4 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vyana Daxesbhai Shah | Bhalak | 807 | 98.33% | 8141817100 |
| 2 | Sanvi Mrugeshbhai Shah | Kharod | 1121 | 87.58% | 9925228858 |
| 3 | Bhavya Aashishbhai Shah | Dasaj | 1287 | 85.50% | 9898477872 |

### STD-5 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Twisha Sanketbhai Shah | Denap | 1182 | 95.67% | 8488863120 |
| 2 | Parshwa Vipulbhai Shah | Tarabh | 819 | 95.44% | 9723234020 |
| 3 | Jainil Amitkumar Shah | Kharod | 755 | 95.00% | 9898393272 |
| 3 | Jainam Amitkumar Shah | Kharod | 755 | 95.00% | 9898393272 |
| 3 | Vidit Hardikbhai Shah | Lanava | 1158 | 95.00% | 9998027755 |

### STD-6 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vihan Niharbhai Shah | Pindharpura | 587 | 94.75% | 8980448833 |
| 2 | Swara Jigarbhai Shah | Unava | 866 | 94.00% | 9909930873 |
| 3 | Rishan Saurabhbhai Shah | Unava | 766 | 93.90% | 9898271330 |

### STD-7 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Dhayan Sauravbhai Shah | Bokarwada | 1038 | 94.14% | 8511109223 |
| 2 | Zeel Dhavalbhai Shah | Bokarwada | 800 | 91.63% | 9974164961 |
| 3 | Aarush Naigambhai Shah | Manund | 1251 | 85.00% | 9898164079 |

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## (૨૦૨૫-૨૬) નો શૈક્ષણિક પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ની યાદી

### STD-8 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Rutvi Yogeshbhai Shah | Denap | 1023 | 95.86% | 9898006358 |
| 2 | Namya Jaymin Shah | Pindharpura | 988 | 95.50% | 9904141099 |
| 3 | Pransh Akashbhai Gandhi | Ranuj | 747 | 92.33% | 9824044401 |

### STD-9 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Misha Kaushalbhai Shah | Bokarwada | 870 | 95.00% | 9909085959 |
| 2 | Isha Vishalbhai Shah | Deloli | 1249 | 86.14% | 9825382621 |
| 3 | Pakshal Amitkumar Shah | Tarabh | 994 | 82.43% | 9328199066 |

### STD-10 (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Yashvi Jigarbhai Shah | Unava | 866 | 97.50% | 9909930873 |
| 2 | Rudra Ronakbhai Shah | Motidau | 1164 | 95.83% | 9925010695 |
| 3 | Yashvi Sachinbhai Shah | Bokarwada | 750 | 91.00% | 9979962480 |

### STD-11(COMMERCE) (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Tanisha Ritesh Shah | Manund | 1088 | 89.29% | 9824548924 |
| 2 | Kavish Jigarbhai Shah | Unava | 884 | 85.60% | 9825465454 |

### STD-11(SCIENCE) (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Het Alpeshkumar Shah | Visnagar | 1179 | 90.40% | 9724153081 |
| 2 | Ritva Alokbhai Shah | Bhalak | 852 | 84.00% | 9426364424 |

### STD-12(COMMERCE) (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Nihar Dhavalbhai Shah | Kharod | 829 | 94.60% | 9328948075 |
| 2 | Rahil Mrugeshbhai Shah | Kharod | 1121 | 94.40% | 9925228858 |

### STD-12(SCIENCE) (YEAR 2025-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Aadi Marmikbhai Shah | Vadavali | 751 | 87.00% | 9426725469 |
| 2 | Shah Agam Sharvinbhai | Unava | 784 | 81.85% | 9429317738 |

### Bachelor of Dental Surgery

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Dhyani Badalkumar Shah | Undhai | 1033 | 70.47% | 9824594844 |

### M.S. in Computer Science

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Darshan Jayeshbhai Shah | Bhalak | 582 | 8.70% | 9426463331 |

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## (૨૦૨૫-૨૬) નો શૈક્ષણિક પુરસ્કાર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી અને વિદ્યાર્થીની ની યાદી

### Bachelor of Commerce

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Riya Sandipbhai Shah | Bokarwada | 600 | 79.00% | 9825787549 |

### M.PHARM

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Meet Sachinbhai Shah | Gambhu | 558 | 9.46% | 9737299758 |

### MBBS

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Harshil Hirenbhai Shah | Pindharpura | 743 | 69.72% | 9825474141 |

### Bachelor of Homoeopathic Surgery

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Meet Prafulkumar Shah | Bhalak | 956 | 65.47% | 9726405379 |

### B.Tech in Elect & Communication Eng.

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Shimoly Mehul Shah | Pindharpura | 695 | 9.44% | 7600713717 |

### Chartered Accountant ( Sept-25)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Aayush Amitbhai Shah | Bhalak | 890 | 57.50% | 9376789998 |

### Chartered Accountant ( Jan-26)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Yashvi Milanbhai Shah | Pindhapura | 846 | 55.17% | 9408909596 |

### Bachelor of Eng. In AI & Data Science

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Siddh Alokbhai Shah | Bhalak | 852 | 8.52% | 9023976891 |

### MSC.IT

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Vishwa Dharmendrabhai Shah | Lachhadi | 830 | 9.00% | 9825506533 |

### Bachelor of Computer Eng. & Tech.

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Samip Kalpeshbhai Shah | Unava | 990 | 8.30% | 8734900372 |

### US.CMA (Certified Mgmt Accountant)

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Agam Sanjaybhai Shah | Boriyavi | 1349 | 75.00% | 7990854766 |

### Master of Commerce

| Sr. No | Name of Student | Village | Membership no. | Percentage | Mobile No. |
|---|---|---|---|---|---|
| 1 | Sahil Kunalbhai Shah | Bokarwada | 601 | 62.00% | 9512413045 |

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

## -: તપની અનુમોદના સહ તપસ્વી બહુમાન કાર્યક્રમ :-

તારીખ : ૨૬-૦૯-૨૦૨૬ ને રવિવાર | (જ્ઞાતિનાં હોલ ઉપર વાસણા) | બપોરના ૨ થી સાંજના ૫.૩૦

સુજ્ઞ જ્ઞાતિબંધુઓ,

તપસ્વી બહુમાન કાર્યક્રમના દિવસના ભોજન સમારંભના કાયમી મુખ્ય સૌજન્ય દાતા શેઠશ્રી સુમતીલાલ કેશવલાલ મ્હાલચંદ શાહ પરિવાર (ઉનાવા) (સુપુત્રો શ્રી ભરતભાઈ, શ્રી દિપકભાઈ તથા શ્રી કમલેશભાઈ) તપસ્વી બહુમાન શ્રીફળના કાયમી સૌજન્ય દાતા શ્રીમતી શાંતાબેન નાનચંદભાઈ શાહ પરિવાર (ચાણસ્મા) (હસ્તે : શ્રીમતી છાયાબેન ભાવિકભાઈ શાહ) (પિંઢારપુરા) ના સહયોગથી શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષે તપની અનુમોદના સહ તપસ્વી બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આપને સહર્ષ જણાવવાનું કે, આ વર્ષે જ્ઞાતિજનોની રજુઆત ધ્યાનમાં લઈ તપની અનુમોદના માટે નવેસરથી તપની યાદી નક્કી કરવામાં આવી છે (યાદી માહે- ઓગષ્ટ- ૨૦૨૫ ના પરિવાર પત્રિકા અંકમાં પ્રસિદ્ધ કરેલ છે.).

યાદી મુજબનાં તપ પૈકીનું જે તપ જે તપસ્વીએ પુર્ણ કરેલ હોય અથવા તા. ૨૬-૦૯-૨૦૨૬ સુધી પૂર્ણ થનાર હોય તેવા તપસ્વીઓના તપની અનુમોદના સહ તપસ્વી બહુમાનનો કાર્યક્રમ તા. ૨૭-૦૯-૨૦૨૬ ને રવિવારના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન જ્ઞાતિ મંડળના હોલ, વાસણા ખાતે રાખવામાં આવેલ છે.

જ્ઞાતિજનોને વિનંતી છે કે, તપસ્વીઓના તપની અનુમોદના સહ બહુમાન માટે યથાયોગ્ય વ્યવસ્થા કરી શકાય તે માટે તા. ૧૮-૦૯-૨૦૨૬ થી તા. ૨૧-૦૯-૨૦૨૬ સુધી તપસ્વીનું નામ નોંધાવવા વિનંતી છે. તપસ્વીનું પુરૂ નામ, ગામ, સરનામુ, ઉંમર વર્ષ, તપનું નામ, તપના દિવસ, ઉપવાસના દિવસની વિગત પુરી પાડવાની રહેશે.

લેખિતમાં કાગળ પર લખીને હોલ પર, **હેલ્પ લાઈન મોબાઈલ નંબર +૯૧ ૭૦૪૬૬ ૦૨૩૭૫** પર WhatsApp મેસેજથી કે જ્ઞાતિ મંડળ, અમદાવાદ તરફથી મેસેજથી મોકલવામાં આવનાર ગુગલ ફોર્મ ભરીને પુરી પાડી શકાશે.

- બહુમાન તપસ્વીનું જ હોય. તેથી તપસ્વી સિવાય અન્ય કોઈ સ્વીકાર કરી શકશે નહીં કે કાર્યક્રમ પુર્ણ થયા બાદ બહુમાન સ્વીકારની કોઈ વ્યવસ્થા કરવાનું સંભવિત નથી.
- તપસ્વી બહુમાનનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) નો લાભ આપવા વિનંતી છે. વ્યવસ્થાના ભાગરૂપે સાધર્મિક ભક્તિના પાસ તા. ૨૧-૦૯-૨૦૨૬ થી તા. ૨૫-૦૯-૨૦૨૬ સુધીમાં જ્ઞાતિ મંડળના હોલ, વાસણા ખાતેથી ૧૧-૦૦ થી ૫-૦૦ દરમ્યાન મેળવી લેવા વિનંતી છે.
- બાપુનગર તથા કૃષ્ણનગરના જ્ઞાતિબંધુઓએ પાસ અંકિતભાઈ શાહ (૯૯૨૪૧ ૨૨૦૬૦)ને ત્યાંથી લેવા વિનંતી.

**ખાસ નોંધઃ-**

- અન્નનો બગાડ અટકાવવાના શુભ હેતુથી તથા વ્યવસ્થાના ભાગરૂપે પાસ મેળવતી વખતે પાસ દીઠ રૂા. ૫૦/- (અંકે રૂપિયા પચાસ પુરા) જમા કરાવવાના રહેશે. જમવાની ડીશ લેતી વખતે પાસ કલેક્ટ કરવાની સાથે પરત આપવામાં આવશે.
- વડીલ, અપંગ જ્ઞાતિજનો માટે હોલમાં બેસવા માટે તથા જમવા માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવશે.
- જ્ઞાતિજનોને પણ તપસ્વી અનુમોદના તથા બહુમાન માટે ઉદાર હાથે સહયોગ આપી ધાર્મિક લાભ લેવા નમ્ર વિનંતી છે.
- તમામ જ્ઞાતિજનોને આ કાર્યક્રમમાં હાજર રહી ધાર્મિક લાભ લેવા વિનંતી છે.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

મંત્રી : સોનલબેન એસ. શાહ          સહમંત્રી : પીંકીબેન એસ. શાહ

॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રદ્ધાંજલિ



## સ્વ.કંચનબેન રસીકલાલ શાહ

(ગામઃવડાવલી)

જન્મ તા.:૨૮-૧૨-૧૯૩૩ ❋ સ્વ. તા.:૧૯-૦૭-૨૦૨૬

મમતા, ત્યાગ, સંસ્કાર અને નિઃસ્વાર્થ પ્રેમનું બીજું નામ એટલે માતા
અમારા જીવનમાં જે કંઈ સારું છે, જે કંઈ શીખ્યા છીએ અને જે કંઈ
બની શક્યા છીએ, તેની પાછળ તમારી મમતા, તમારા આશીર્વાદ અને
તમારા સંસ્કારોનો અમૂલ્ય ફાળો છે.
તમારું ઋણ આ જન્મ તો શું, અનેક જન્મો સુધી ચુકવી શકાય તેમ નથી
તમારી ખોટ ક્યારેય પુરી નહીં થાય.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

## સ્વ. રસીકલાલ અમૃતલાલ શાહ (વડાવલી)

રાજેશ રસીકલાલ શાહ
રાજેશ્રી રાજેશભાઈ શાહ
કુલીન રાજેશભાઈ શાહ
સૃષ્ટી રાજેશભાઈ શાહ

મુકેશ રસીકલાલ શાહ
મીના મુકેશભાઈ શાહ
ભાવિ મુકેશભાઈ શાહ
(દિકરી-જમાઈ)
નેહા નિશીતકુમાર શાહ
અર્હમ-જૈનમી

સ્વ.સતીષ રસીકલાલ શાહ
ગીતા સતીષભાઈ શાહ
ચિરાગ સતીષભાઈ શાહ
મિતાલી ચિરાગભાઈ શાહ
દીપ સતીષભાઈ શાહ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. સરોજબેન રોહિતભાઈ શાહ

(ગામ: લણવા હાલ : સુરત)

જન્મ તા.:૧૭-૦૧-૧૯૫૮ ❁ સ્વ. તા.: ૧૪-૮-૨૦૨૬

**જે જીવ આવ્યો પ્રભુ આપ પાસે, તેને શરણમાં સ્વીકારજો, પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો**

સ્વ. સુભદ્રાબેન બાબુલાલ અંબાલાલ શાહ (મોટપ-હાલ:સુરત) ની સુપુત્રી સ્વ. સરોજબેન, પિયરમાંથી ધાર્મિક સંસ્કાર તેમજ સંયુક્ત કુટુંબના વ્યવહારનો વારસો લઈને આવેલા અને શ્રી રોહિતભાઈના સમગ્ર પરિવારમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી જઈને સમગ્ર પરિવારનો પ્રેમ મેળવ્યો, પરિવાર પર પ્રેમ વર્ષા વરસાવી જેથી કરીને કુટુંબમાં માનભર્યું સ્થાન પામ્યા. સ્વ. સરોજબેનના જીવનસાથી શ્રી રોહિતભાઈ તેમને દરેક સત્કાર્યોમાં સહયોગી થઈને પ્રેરણાબળ પૂરું પાડતા રહ્યા. ભલે આજે સરોજબેન હયાત નથી, પરંતુ તેમના સત્કાર્યો અને સદ્‌ગુણોની સુવાસ સમગ્ર પરિવારમાં, સગાં-સંબંધીઓમાં મહેંકતી રહે છે. તેમના આત્માને સદાય અરિહંત પરમાત્માનું શરણું મળે તથા સદ્‌ગતના આત્માને પરમ શાંતિ મળે તેવી પરમાત્માને પ્રાર્થના.

લી.

શ્રી રોહિતભાઈ રતિલાલ શાહ

સ્વ. અમૃતલાલ રતિલાલ શાહ

| | |
|---|---|
| ભાવેશ અમૃતલાલ શાહ | વૈશાલી ભાવેશભાઈ શાહ |
| તેજસ રોહિતભાઈ શાહ | ધારા તેજસભાઈ શાહ |
| તૃપીત રોહિતભાઈ શાહ | નેહા તૃપીતભાઈ શાહ |
| કુશલ ભાવેશભાઈ શાહ | જિગીશા વિશાલકુમાર શાહ (પુત્રી) |
| પ્રથમ તેજસભાઈ શાહ | મીહીકા તેજસભાઈ, ભાવાર્થ તૃપીતભાઈ શાહ |

-: બહેનો :-

| | |
|---|---|
| ઉર્વશીબેન બીપીનચંદ્ર શાહ (મણુંદ) | રંજનબેન જીતેન્દ્રકુમાર શાહ (ઉનાવા) |
| ઈલાબેન રાજેન્દ્રકુમાર શાહ (મોઢેરા) | સ્મિતાબેન શરદચંદ્ર ગાંધી (રણુંજ) |
| મીનાબેન મહેશકુમાર શાહ (મણુંદ) | મનિષાબેન કિરણકુમાર શાહ (કમાણા) |

**સ્વ. ઉત્તમલાલ મગનલાલ શાહ - લણવા પરિવાર**

સરનામું: બી/૪૦૨, સ્કવેર આઈકોન, સૌરભ રો-હાઉસની સામે, અડાજણ-પાલ-સુરત-૩૯૫૦૦૯.
(મો.)૯૩૭૪૭ ૧૧૪૧૨, ૯૩૧૩૦ ૯૯૭૦૯, ૭૩૮૩૨ ૦૮૮૩૩

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.





# પરિવાર પત્રિકા

## અગત્યની માહિતી

છેલ્લા ૨૩ વર્ષથી આપ સૌપરિવાર પત્રિકા માસિકના માધ્યમથી દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિજનો અને સમગ્ર સમાજની સાથે આત્મિય સંબંધોથી સંકળાયેલા છો.

**હવે પરિવાર પત્રિકા આપના માટે... આપના સ્વજનો માટે... જ્ઞાતિ મંડળના સૌ પરિવારો માટે**

**ખૂબ જ લાભદાયી પ્રેરણાદાયી અને સેવાકીય લાભથી**
**પરસ્પર સંબંધો વિકસે છે. આત્મીયતા વધે છે.**

**અભૂત પૂર્વ ઓફર**

ફક્ત રૂા.૬૦૦/- માં આપ આપના વ્યવસાયની, કાર્યક્ષેત્રની માહિતી
૬ સે.મી. (ઉંચાઈ) X ૯ સે.મી. (પહોળાઈ) માં પ્રકાશિત કરી શકાશે.
દેશ-વિદેશમાં વસતા સભ્યો અને તેમના પરિવારોને આપી તેનાથી વાકેફ કરી શકો છો.
તે અંગેની જરૂરિયાતો માટે, તેઓ આપનો સંપર્ક સાધી પોતાનું કાર્ય આસાન કરી શકે છે.

**આ માત્ર ધંધાદારી લાભ લેવા માટે નથી. એક બીજાની જરૂરીયાતો પૂરી કરવા માટેનો અભિગમ છે.**

**જ્યોત સે જ્યોત મિલાતે ચલો... પ્રેમ કી ગંગા બહાતે ચલો**

**નાના-મોટા... સારા-નરસા પ્રસંગો માટે**
**અમદાવાદ જ્ઞાતિ મંડળનો વાસણા ખાતેનો**
**સાંસ્કૃતિક ભવન (A.C.) હોલ**
**સમગ્ર જ્ઞાતિના દરેક સભ્યો માટે કન્સેશન દરે ઉપલબ્ધ છે.**

માહિતી બુકિંગ માટે 24 X 7 સંપર્ક આવકાર્ય છે.
મંડળ હેલ્પલાઇન નં. : ૭૦૪૬૬૦૨૩૭૫
વધુ ને વધુ લોકો ઉપરોક્ત સેવાનો લાભ લેશો



સંપાદક : બકુભાઈ સી. ગાંધી-પરિવાર કમિટી

# પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI